ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૬૧/૨૨-૨૩/ 4165 તારીખ : 27 DEC 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી એમીક સીરામીક્સ,**
**મેઈન બજાર,**
**સાર્વજનીક હોસ્પીટલ સામે,**
**મું.થાનગઢ,**
**જી.સુરેન્દ્રનગર-૩૬૩ ૫૩૦**

કેસ નં.૬૧/૨૨-૨૩

**મો.નં- ૨૭૫૧ ૨૨૦૮૬૦/૨૨૦૩૮૦**

**વિષય : એલ.ટી.લાઈનના તાર બદલવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૭/૧૦/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૧/૧૦/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૧/૨૨-૨૩/૩૫૫૦ તા.૦૩/૧૧/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૧/૨૨-૨૩/૩૯૦૨ તા.૦૭/૧૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૪/૧૨/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **થાનગઢ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૬૧/૨૨–૨૩ ☜

વાદી :– **મે.એમીક સીરામીક્સ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૪/૧૨/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી લખતરીયા કેતનભાઈ ભરતભાઈ (વાદી ના પાર્ટનર)**

પ્રતિવાદી :– **શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.એમીક સીરામીક્સ, મું.થાનગઢ, જી.સુરેન્દ્રનગરની એલ.ટી.લાઈનના તાર બદલવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૧/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૧/૨૨–૨૩/૩૫૫૦ તા.૦૩/૧૧/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૪/૧૨/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી ના પાર્ટનર શ્રી કેતનભાઈ ભરતભાઈ લખતરીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી એમિક સિરામિક્સ, થાન પેટાવિભાગીય કચેરી ખાતે ગ્રાહક નંબર– ૨૭૭૦૧/૦૦૧૭૦/૦ થી૧૦૦ કી.વો.નું ઔધોગિક ટેરીફ નું વીજ કનેકશન તા.૩૧/૦૩/૧૯૯૩ થી ધરાવે છે.

૧.૨ વાદીની રજુઆત છે કે મારા વીજ જોડાણ માં ટ્રાન્સફોર્મર થી મીટર સુધી જે એલ.ટી. લાઈન જોડેલ છે તે લાઈનના તાર ખુબજ જર્જરીત થઈ ગયેલ છે. જે ઘણા જુના હોય વાંરવાર તુટી જાય છે જેના પરીણામે અમોને નુકશાન થાય છે. જેથી એલ.ટી. વિજ લાઈન બદલી આપવી.

૧.૩ સદર બાબતે અગાઉ પણ લેખિત માં રજુઆત કરેલ છે.પણ કોઈ કામગીરી કરવામાં આવેલ નથી,તેવું વાદી જણાવે છે. આમ, વાદીએ એલ.ટી.લાઈન બદલી આપવા રજુઆત કરેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદીની રજુઆતના આધારે પેટા વીભાગીય કચેરી, થાન દ્વારા તા.૧૨/૧૨/૨૦૨૨ ના રોજ વાદીની લાઈન નં ૬ ના ગાળાના તાર બદલવા માટે માણસો મોકલવામાં આવેલ હતા. પરંતુ, સ્થળ પર જતા વાદીએ ૦૬ ગાળા માંથી ૦૫ (પાંચ) ગાળાના વીજ પોલ ની આજુબાજુ વાદી દ્વારા બાંધકામ કરવામા આવેલ છે. જેના લીધે વીજ લાઈનના તાર બદલી શકાયેલ નંથી. ફકત એકજ વીજ પોલ ખુલ્લો હતો તે પોલ પરના વીજ તાર બદલવાની કામગીરી ચાલુ કરતા વાદીએ ૬ ગાળાના તમામ વીજ તાર એકી સાથે બદલવાનું કહેલ હતું. પણ પાંચ ગાળાના વીજપોલની આસપાસ તથા વીજ પોલ ની નીચે શેડ બનાવેલ હોય વીજ તાર બદલવાની કામગીરી કરવામા આવેલ નંથી. તથા વાદીને ભારતીય વીજ ધારા મુજબ ૧૯૫૬ ની કલમ ૮૨ નો ભંગ કરેલ છે. જે અન્વયે પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૧૨/૧૨/૨૦૨૨ ના રોજ પત્ર નંબર–૧૪૪૨૧ થી નોટીસ આપવામાં આવેલ છે. જે આપની જાણ સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મે. એમીક સીરામીક,થાનગઢ, ગ્રા.નં ૨૭૭૦૧/૦૦૧૭૦/૦ થી NRGP વીજ કનેકશન ધરાવે છે તથા તેમના TC થી મીટર સુધીનાં જર્જરીત થયેલ LT લાઈન તાર બદલવા વાંરવાર રજુઆત કરવા છતાં, પ્રતિવાદી ની કચેરી દ્વારા ન કરી આપવા બાબતની રજુઆત ફોરમને કરેલ છે.

૩.૨ આજરોજ તા.૧૪/૧૨/૨૦૨૨ ની સુનાવણીમાં બન્ને પક્ષકારો હાજર છે તથા તેમની મૌખિક રજુઆતો કરેલ છે.

૩.૩ સુનાવણી દરમ્યાન રજુ થયેલ રજુઆતો તથા ફોટોગ્રાફસ જોતાં ફોરમને જણાય છે કે, પ્રતિવાદીની કચેરી દ્વારા વાયર ને સાંધી આપવા છતાં પણ, વાયર ખુબજ જર્જરીત હોઈ અવારનવાર તુટી જાય છે.

૩.૪ આ તબકકે ફોરમને જણાય છે કે, સલામતી ને ધ્યાને લેતાં, પ્રતિવાદીની કચેરી એ GERC ના પાવર સીસ્ટમ મેનેજમેન્ટ સ્ટાન્ડર્ડ નોટીફીકેશન ન. ૭ /૨૦૦૫ ના ક્લોઝ ન. ૪.૯, ૪.૧૦, ૫, ૪.૧૦.૮ મુજબની કાર્યવાહી કરી, LT લાઈનના વાયરનું તાત્કાલીક મેઈન્ટેનન્સ કરી આપવું.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
(એન.આઈ.ઉપાધ્યાય)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૧૪/૧૨/૨૦૨૨.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.